BRAMPTON **Service and Information Update**

# આ વર્ષે કેનેડા ડે પર સુરક્ષિત રીતે ઉજવણી કરો!

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જૂન 24, 2022) – સીટી ઑફ બ્રેમ્પટન રહેવાસીઓને જુલાઈ 1 નાં રોજ કેનેડા ડે પર ફટાકડાંનો સુરક્ષિતપણે ઉપયોગ કરવાના મહત્વની યાદ અપાવે છે.

કેનેડા ડે વર્ષમાં ચાર મંજૂર કરેલા દિવસોમાંનો એક છે જ્યારે બ્રેમ્પટનમાં પરમીટ લેવાની જરૂરિયાત ઊભી થયા વગર ખાનગી મિલકત પર ટૂંકા-અંતરના ફટાકડાં ફોડવાની છૂટ આપવામાં આવે છે. બાય-લૉ (પેટા-કાનૂન) હેઠળ, આતશબાજીની પરવાનગી વિક્ટોરિયા ડે, દિવાળી અને નૂતન વર્ષની પૂર્વ સંધ્યાએ પણ આપવામાં આવે છે.

ટૂંકા-અંતરના ફટાકડાઓ એ છે જે ત્રણ મીટર (10 ફૂટ) કરતા ઓછું અંતર કાપતા હોય છે જ્યારે તે છોડવામાં આવે (દા.ત. ફાઉન્ટેઈન્સ, વ્હીલ્સ, ગ્રાઉન્ડ સ્પિનર્સ, સ્પાર્કલર્સ). જેની ઊંચાઈ અંદાજે બ્રેમ્પટન ટ્રાન્ઝિટ બસ કે બાસ્કેટ બૉલના હૂપ જેટલી હોય.

બ્રેમ્પટનમાં રોકેટ જેવા અન્ય તમામ ફટાકડાં ફોડવાની મનાઈ છે. આ શહેર રહેવાસીઓને યાદ અપાવે છે કે ફટાકડાં સ્ટ્રીટ, સાઈડવૉક્સ પર, શહેરના પાર્ક્સ કે મ્યુનિસિપલ અથવા સ્કૂલ મિલકતોમાં ફોડવાની પરવાનગી નથી, અને એ કે તેઓને પરવાનગી માત્ર રાત્રે 11 વાગ્યા સુધીની મળે છે.

ખાનગી મિલકતમાં ટૂંકા-અંતરના ફટાકડાઓ ઉપયોગમાં લેતી વખતે, રહેવાસીઓએ આ સુરક્ષા સાવચેતીઓ અચૂક અનુસરવી રહી:

- પોતાની પાસે ફટાકડાં હોલવવા પાણી ભરેલું પાત્ર અથવા પાણી ભરેલી હોઝ લાઈન ઉપલબ્ધ રાખો.
- તમારા હાથમાં સ્પાર્કલર સિવાયના ફટાકડાં ક્યારેય ફોડશો નહિ કે પકડી રાખશો નહીં.
- અન્ય લોકો પર ફટાકડાં ક્યારેય ફેંકશો નહિ કે ચિંધશો નહીં.
- સ્પાર્કલર્સનો ઉપયોગ કર્યા પછી, તેનો નિકાલ કરતા પહેલાં તેને પૂરેપૂરા ઠંડા પાડવા પાણીના પાત્રમાં રાખો.
- બધાં ફટાકડાનો નિકાલ કરતા પહેલાં તેને પૂરેપૂરા ઠંડા થવા દો.

ફટાકડાંથી સુરક્ષા અને બાય-લૉઝ (પેટા-કાનૂનો) વિશે વધુ માહિતી મેળવવા વેબસાઈટ જુઓ, www.brampton.ca/fireworks.

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
સીટી ઑફ બ્રેમ્પટન મલ્ટીકલ્ચરલ મીડિયા
multiculturalmedia@brampton.ca